કિંમત રૂા.૧-૦૦

# : ગટર કનેક્શન માટેનું અરજી ફોર્મ :

તા.                    .

**પ્રતિ,**
શ્રી મુખ્ય અધિકારી સાહેબ
મહેસાણા નગરપાલિકા
મહેસાણા.

સવિનય સહ વોર્ડ નં.______________________________ ઘર નં.____________________નું સદરહુ મકાન________________________________________ મહોલ્લામાં આવેલું છે આ મકાનમાં નગરપાલિકાની ડ્રેનેજ કનેક્શન ચાર્જની રકમ રૂા.____________ રસીદ નં._________________તથા ડિપોઝીટની રકમ રૂા.____________ રસીદ નં._________________________ તા.________________શ્રી નગરપાલિકામાં ભરેલ છે.

૧) ડ્રેનેજ કનેક્શન અમો નગરપાલિકાએ મંજુર કરેલા નિયમોને આધિન રહીને કરીશું. તથા નગરપાલિકાની ડ્રેનેજ ચેમ્બરમાં કનેક્શન અમો તમારી સુચના મુજબ અમારા ખ ર્ચે લાયસન્સ ધરાવનાર પ્લમ્બર પાસે કરાવી લેવા બંધાઈએ છીએ.

૨) આ કનેક્શન બાબત નગરપાલિકાના ડ્રેનેજના દરના જે કાનુન તથા પેટા કાયદા વખતોવખત અમલમાં હોય તે અન્વયે અને તેની જવાબદારી સમજીને લેવા કબુલ છીએ અમારો ટેક્ષ તથા કનેક્શન ફી જે કાયદેસર હશે તે બીલ આવ્યેથી મુદત અંદર ભરીશું અને તેમ ના કરીએ તો અમારૂ કનેક્શન તુરતજ બંધ કરી દેશો. તેમાં અમારી કોઈ તકરાર ચાલશે નહિં અને લઈએ તો તે રદબાતલ છે.

૩) કોઈ સાર્વજનિક કામ અંગે નગરપાલિકાને કે સરકારને અમારૂ કનેક્શન બંધ કરવાની જરૂર જણાય તો અમોને દિન ત્રણની નોટિસ આપી નગરપાલિકા તે પ્રમાણે કરે તો એમાં અમો વાંધો લઈશું નહિં.

૪) ડ્રેનેજ કનેક્શન કોઈ કારણસર બંધ રહે તો ભરેલા પૈસા પરત લેવા માટે કે નુકશાનીનો દાવો, નગરપાલિકા ઉપર અમો કરીશું નહિં.

૫) અમારા મકાનમાં હોટલ, વિશ્રામસ્થાન, ચાહ, કોફી, આઈસ્ક્રીમની દુકાન, વીશી, એરટેડ ફેક્ટરી અથવા એવો કોઈપણ ઉપયોગ કરીએ તો તે બદલ મુકરર થયેલ ડ્રેનેજનો ચાર્જ આપવા અમો કબુલ છીએ.

૬) ડ્રેનેજના કાનુનો તથા પેટા કાનુનોની કોઈપણ શરતનો ભંગ કરીએ તો નગરપાલિકા અમારૂ કનેક્શન બંધ કરવા મુખત્યાર છે.

૭) સદરહુ મકાનમાં ડ્રેનેજ કનેક્શન લેવામાં આડોશી પાડોશીને નુકશાન થશે તો તે નુકશાન અમારા શીરે રહેશે.

૮) એકવાર નગરપાલિકા તરફથી કાયદેસર ડ્રેનેજનું કનેક્શન બંધ કર્યા પછી તે ફરીથી ચાલુ કરવા નવીન અરજી આપી મંજુરી મેળવવા અમો કબુલ છીએ.

(પાછળ)

૯) અરજદારે પોતાના મકાનમાં ડ્રેનેજ કનેક્શન માટે જુદી ડ્રેનેજ બનાવવી પડશે બીજા કોઈની ચેમ્બરમાંથી ડ્રેનેજ કનેક્શન લઈ શકાશે નહિં જો તેમ કરવામાં કસુર થશે તો તે માટે અરજદાર જવાબદાર ગણાશે.

૧૦) નગરપાલિકા પ્લમ્બરીંગ લાયસન્સ કોન્ટ્રાક્ટરે ઉપર જણાવેલા મકાનને કનેક્શન કરતાં પહેલાં મુખ્યઅધિકારીની કે નિમાયેલા અધિકૃત અમલદારના હુકમ મેળવ્યા બાદ કામ કરૂ કરશે. તે શિવાયના કામ ઉપર સંતોષકારક છે. તે બાબતનું સટીર્ફીકેટ નગરપાલિકાના એન્જીનિયર તરફથી મળી શકે નહિ તો તે જવાબદારી અમારી રહેશે.

## __: સુચનાઓ :__

૧ જે જગ્યાએ ડ્રેનેજનું કનેક્શન જોઈતું હોય તે જગ્યાના માલિક તરીકે નગરપાલિકાના રેકર્ડમાં જેનું નામ હોય તેમણે અગર તો ભાડુત હોય તેમણે મકાન માલિકીની સંમતિના દાખલા સાથે અરજી કરવાની છે.

૨ અરજી કરતાં અગાઉનો નગરપાલિકાનો લ્હેણો થતો બધો ટેક્ષ નગરપાલિકાને ભરી દેવામાં આવેલો હોવો જોઈએ.

૩ મકાન માલિક ડ્રેનેજ કનેક્શન લે અને જો તેમને જુનું દટણ હોય તો મકાન માલિકે પોતાના ખર્ચે ડ્રેનેજનું કનેક્શન ચાલુ કર્યાથી એક માસમાં દટણ પોતાના ખર્ચે પુરી દેવાનું રહેશે. અને તેની લેખીત જાણ નગરપાલિકાને અરજદારે કરવી પડશે.

**અરજદારે કાંઈ વધારે જણાવવું હોય તો અહીં લખવું.**

**અરજદારની સહી**